# ગુજરાત સરકાર આદીવાસીઓના હક્ક છીનવી રહી છે : મધુસુદન મિસ્ત્રી

## જંગલની જમીનનો હક્ક મેળવવા સાબરકાંઠાના આદીવાસીઓએ રેલી કાઢી આવેદનપત્ર આપ્યું : જમીન હક્ક આપવામાં સરકારની કુટનીતિ સામે વનવાસીઓમાં આક્રોશ

હિંમતનગર, તા. ૮

વન અધિક્ષક ૨૦૦૬ અંતર્ગત જંગલ જમીનમાં ખેડાણ કરતાં આદીવાસીઓ કે જેને હજુ જંગલની જમીનનો હક્ક મળ્યો નથી તેવા તમામ પરના દાવાની અરજી ફોર્મ ભરીને આપવાનું હતું તે પ્રક્રિયા પૂર્ણ કર્યા છતાં તેમની અરજીઓ પ્રત્યે કુટનીતિ અપનાવી નામંજૂર કરી હોવાના આક્ષેપો સાથે રોષ વ્યક્ત કરતાં દાવાઓની અપીલ ૯૦ દિવસમાં કરવાની હોય છે. પરંતુ ખેડૂતને નામંજૂરનો કાગળ મળે ત્યારે ૯૦ દિવસની મર્યાદા પુરી થઈ ગઈ હોય છે. હાલ દાવાની ચકાસણી સેટેલાઈટ નકશાઓને આધારે કરવામાં આવી રહી છે અને ઘણા દાવા ના મંજૂર કરવામાં આવ્યા છે. જેને લઈ જિલ્લાના વનવાસીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે.




જંગલની જમીનનો હક્ક મેળવવા સાબરકાંઠા જિલ્લાના વનવાસીઓ જિલ્લાના મુખ્યમથક



આદીવાસીઓ આજે ગુરૂવારે હિંમતનગરમાં કુચ કરી રેલી સ્વરૂપે નીકળી કલેક્ટરને આવેદન પત્ર આપી પોતાની સમસ્યા રજુ કરી હતી.

વનમાં વસનારા આદીવાસીઓના વન અધિકારોની માન્યતા આપતો અધિનિયમ ૨૦૦૬ ઘડાયા બાદ આદીવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ અધિનિયમ અનુસાર તા. ૧૩-૧૨-૨૦૦૫ સુધી જંગલ જમીન ખેડતા ખેડૂતોને જમીન ૧૦ એકરની મર્યાદામાં રાખીને કાયમી હક્ક આપવામાં આવી રહ્યો છે. જંગલ જમીન માલીકી હક્ક માટે ખેડૂતોએ પોતાના ગામમાં રચાયેલ વન અધિકારી સમિતિને જંગલ જમીન જણાવ્યું હતું કે મોટાભાગના વિસ્તારોમાં પ્રાંતીય સમિતિ દ્વારા ગમે તે બહાને દાવાઓની સમીક્ષા કરી અરજીઓ નામંજૂર કરવામાં આવી રહી છે. ના મંજૂર થયેલ દાવાઓની જાણ ખેડૂતને કરવાની જગ્યાએ તલાટી અથવા વન અધિકાર સમિતિને કરવામાં આવે છે. ના મંજૂર હિંમતનગરના મોતીપુરા ખાતે કૂચ કરી એકઠા થયા હતા જયાં એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ વનવાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે જંગલની જમીનના હક્ક આદીવાસીઓને આપવામાં ગુજરાત સરકાર ઉદાસીનતા દાખવી રહી છે.




શરીરમાં ઉત્તમ અને અરવલ્લીનું ઔષધ મનાતા કંકોડાનું અણગવ ડીસાની બજારમાં થયું છે જે અત્યારે ૬૦ રૂપિયામાં કિલો વેચાઈ રહ્યા છે. મોઘા હોવા છતા લોકો તેને હોશેહોશે ખરીદે છે. કંકોડાની પરંપરાગતરીતે ખેતી થતી નથી પરંતુ ગૌચર તેમજ પડતર જસનમાં આપ મેળે ઉગે છે. ડીસામાં અંબાજી, દાંતા તેમજ વિરમપુર વિસ્તારમાંથી કંકોડા આવે છે.

# ઊંઝાના જગન્નાથપુરામાં જુથ અથડામણ : ૧૩ને ઈજા

ઊંઝા, તા. ૮

ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે પરિણીત મહિલાને ભગાડી જવા બાબતે દેવીપૂજક જ્ઞાતિના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં ૧૩ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. જે પૈકી ત્રણને ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓને વધુ સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ જૂથ અથડામણને કારણે સમગ્ર ગામમાં ભારે ભયનું વાતાવરણ સર્જાયું હતું.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે રહેતા દેવીપૂજક જ્ઞાતિના એક પરિણીત મહિલાને ગામમાં જ રહેતો સમાજનો એક શખ્સ ક્યાંક ભગાડી ગયો હતો. જેથી દેવીપૂજક જ્ઞાતિના બે જૂથો વચ્ચે ઘર્ષણ થયું હતું.

દરમિયાન ગઈકાલે મોડી સાંજે અંબાજીપરા દેવીપૂજકવાસમાં એક જ જ્ઞાતિના એક પરણિત મહિલાને ગામમાં જ રહેતો સમાજનો એક શખ્સ ક્યાંક ભગાડી ગયો હતો. જેથી દેવીપૂજક જ્ઞાતિના બે જૂથો વચ્ચે ઘર્ષણ થયું હતું.

દરમિયાન ગઈકાલે મોડી સાંજે અંબાજીપરા દેવીપૂજક વાસમાં એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. અને લાકડીઓ, તલવારો, કુહાડી જેવા તીક્ષ્ણ હથિયારો વડે પરસ્પર હિંસક હૂમલાઓ થયા હતા.

આ ઉપરાંત પથ્થરોનો પણ છુટથી ઉપયોગ થતાં બંને પક્ષોના પુરૂષો અને મહિલાઓ મળી કુલ ૧૩ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થતાં તેઓને સારવાર માટે ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે પૈકી ત્રણની સ્થિતિ ગંભીર ગણાતાં તેઓને વધુ સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ હિંસક અથડામણને પગલે ગ્રામજનોમાં ભયની લાગણી ફેલાઈ હતી.

દરમિયાન આજે બપોરે જગન્નાથપુરા ગામે ઘટના સ્થળની મુલાકાત લેતાં બનાવ સ્થળે પોલીસનો કોઈ બંદોબસ્ત જણાયો ન હતો. જેથી ગામમાં અંજપાભરી સ્થિતિ પ્રવર્તતી હતી. આ બનાવ અંગે બંને પક્ષોએ સામસામે ફરિયાદો નોંધાવતા ઊંઝા પોલીસે હૂલ્લડ, મારામારી, શારીરિક મહાવ્યથા, જાનથી મારી નાંખવાની ધમકી આપવા અંગેના ગુનાઓ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



ભિલોડા મામલતદાર કચેરી મારફતે રેશનીંગ કાર્ડની કાર્યવાહી ગોકળગતીએ ચાલે છે તેમજ નવિન પધ્ધતી પ્રમાણેના બારકોડેડ રેશન કાર્ડમાં અનેક છબરડાઓ બહાર આવતા ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાંથી આવતા પ્રજાજનોને ભિલોડા મામલતદાર કચેરીના અધિકારીઓ ધરમધક્કા ખવડાવતા હોવાના કારણે પ્રજાજનો મુશ્કેલીમાં મુંકાયા છે.બારકોડેડ રેશન કાર્ડમાં અનેક છબરડાઓ અને ભુલો સહિત સુધારા-વધારાની દરખાસ્તો અંગેની કાર્યવાહી ઝડપી બનાવવા માંગ કરી હતી.ખેડુતોને ૭/૧૨ અને ૮ અ ના ઉતારાની નકલો પહેલા ૭/૧૨ એક જ પત્રમાં મળતા હતા ત્યારે હાલના તબક્કે ૭ અને ૧૨ ના ઉતારા અલગ અલગ નકલો આપવામાં આવે છે જેના કારણે ભિલોડા તાલુકાના ખેડુતોને વધુ રૂપીયા ખર્ચવા પડે છે.ખેડુત અરજદારોને કતારોમાં ઉભા રહી ૭/૧૨ ના ઉતારા મેળવવા કલાકો સુધી ઉભા રહેવું પડે છે.૭/૧૨ ના ઉતારા સંયુક્તપણે મળે અને ઝડપી મળે તેવી યોગ્ય વ્યવસ્થા કરવા બાબતે ભિલોડા મામલતદાર એ.કે.જોષીને આવેદનપત્ર સુપરત કરાયું હતું.

# પ્રાંતિજ તાલુકાના કરોલ-લીમલા ડેમમાં પાણી આવતા ખેડુતોમાં ખુશી

પ્રાંતિજ, તા.૮

પ્રાંતિજ તાલુકાના કરોલ લીમલા ડેમમાં સુજલામ-સુફલામ યોજના અંતર્ગત પાણી નાંખવામાં આવે તે અંગે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ગુજરાત સરકારના સિંચાઈ મંત્રીને પત્ર લખી રજૂઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ગુજરાત સરકારના સિંચાઈ મંત્રીને ગત ૧૬-૪-૨૦૧૩ના રોજ પત્ર લખી સુજલામ-સુફલામ યોજનાની કેનાલમાંથી કરોલ તેમજ લીમલા ડેમ ભરવા અંગે રજૂઆત કરી હતી.

આ રજૂઆતના અનુસંધાને અધિક્ષક ઈજનેર, કડાણા યોજના વર્તુળ દ્વારા ૨૦૦ કયુસેક પાણી થોડી કરોલ તેમજ લીમલા ડેમમાં પાણી નાંખવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ બંને ડેમોમાં પાણી ભરાતા આજુબાજુના હજારો હેકટરના પિયત વિસ્તારોમાં બોરમાં પાણીના સ્તર ઉંચા આવતા ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. એટલું જ નહીં પણ આજુબાજુના ગામડાઓના બોર કુવાઓના પાણીના સ્તર ઉંચા આવવાના લીધે શિયાળુ-ઉનાળુ પાકો માટી પાણીનો પેચિદો પ્રશ્ન અને સિંચાઈનો પ્રશ્ન હલ થયો છે.

# પ્રાંતિજ-તલોદ માર્ગ પરથી દારૂના જથ્થા સાથે ૩ બુટલેગર પકડાયા

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠાના પ્રાંતિજ-તલોદ માર્ગ પર આવેલ દલાનીમુવાડી બાજુથી બે મોટરસાઈકલ ઉપર ત્રણ શખ્સો રૂ. ૧૯,૬૦૦નો વિદેશી દારૂનો જથ્થો લઈ જતાં પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જે અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તલોદ માર્ગ પરથી દલાની મુવાડી તરફથી મજરા ચોકડી તરફ જતા માર્ગ પરથી બે બાઈક પર ત્રણ બાઈક સવારો વિદેશી દારૂની ખેપ મારતા હોવાની બાતમી મળતા આજે પ્રાંતિજ પોલીસના દિપકસિંહની ટીમે બાતમી સ્થળે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળા વર્ણનવાળા બે બાઈક પર ત્રણ શખ્સો પસાર થતા તેમને રોકી તપાસ કરી હતી અને ૧૬૦ નંગ બિયર તથા ૧ પેટી વિદેશી દારૂની પેટી મળી કુલ રૂ. ૧૯,૬૦૦નો દારૂ તથા ૬૦ હજાર મળી કુલ રૂ. ૭૯,૬૦૦નો મુદ્દામાલ સાથે બેચરસિંહ રાઠોડ, લાલસિંહ રાઠોડ તથા દેવિસિંહ મકવાણાની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ડીસા ધાનેરા ચાર રસ્તા પર નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા બનાવેલા ઓવરબ્રીજ વાહન ચાલકો માટે ગોજારો બનતો જાય છે. આ ઓવરબ્રીજ પર બેફામ વાહનો હકારતા ડ્રાયવરો દ્વારા ડ્રાયવીંગ કરતા હોવાથી અકસ્માતો સર્જાય છે. થોડાક દિવસો પહેલા આ ઓવરબ્રીજ પરથી નાઈ સમાજના ત્રણ યુવાનોનો બાઈક પર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે યુવાનોનું મોત નિપજ્યું હતું ત્યારે ગતરોજ આજ ઓવરબ્રીજ પર બાઈક સ્લીપ ખાતા વધુ બે યુવાનો ઘાયલ થયા છે. બનાવની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના કાંટ ગામે રહેતાં વિક્રમભાઈ અમરતજી ઠાકોર ઉ.૨૨ અને ભવનજી ધારજીજી ઠાકોર ઉ.૨૩ બન્ને યુવકો પોતાનું બાઈક લઈ ભીલડીથી ડીસા આવી રહ્યા હતા તે દરમિયાન ધાનેરા ચાર રસ્તાના ઓવરબ્રીજ પર બાઈકનો કાબુ ગુમાવતા બન્ને યુવાનો રોડ પર પટકાયા હોય જેથી બન્નેને માથાના, હાથના તેમજ શરીરના ભાગે ઈજાઓ થતા ડીસાની ૧૦૮ એમ્બ્યુલન્સમાં પાયલોટ રફીકભાઈ સીંધી તેમજ ઈ.એમ.ટી. નીલમબેન ચૌધરી ઘટના સ્થળે પહોંચી બન્ને યુવાનોને ડીસાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયા હતા.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૯૪ | ૮૩૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૭ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૩૦૧ |
| ગવાર | ૯૦૦ | ૯૪૬ |

**સલાલ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| મગફળી | ૭૧૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| બાજરી | ૧૯૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૩૨૦ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૫ |
| બાજરી | ૨૦૧ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૨ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૪ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૩૫ | ૨૮૫ |
| ગવાર | ૭૦૦ | ૯૩૩ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૬ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૩ |
| બાજરી | ૨૨૫ | ૨૫૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૨ |
| મગફળી | ૬૫૩ | ૮૨૧ |
| ગવાર | ૮૦૦ | ૯૨૫ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૭ | ૨૮૪ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૩ |
| ગવાર | ૭૫૦ | ૯૦૪ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૦૦ |
| જુવાર | ૩૧૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૮૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૫૫ | ૨૮૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ગવાર | ૭૨૫ | ૯૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૫૯૦ |
| જુવાર | ૩૦૦ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| એરંડા | ૬૮૫ | ૭૦૬ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૭૫૦ | ૯૬૨ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૫૬ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૧ |
| એરંડા | ૬૯૫ | ૭૦૬ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૬૬૦ | ૮૩૭ |
| ગવાર | ૯૫૦ | ૧૦૦૨ |

**કડી**

| | | |
|---|---|---|
| તુવેર | ૫૫૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ડાંગર | ૩૨૦ | ૩૩૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૨ |
| ગવાર | ૭૬૬ | ૯૮૪ |
| એરંડા | ૬૮૦ | ૬૮૭ |
| રાયડો | ૫૫૦ | ૫૮૪ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૬૧ |
| બાજરી | ૨૦૭ | ૨૯૫ |
| એરંડા | ૬૮૨ | ૭૦૦ |
| રાયડો | ૫૯૬ | ૬૦૦ |
| રાજગરો | ૧૧૧૮ | ૧૧૬૧ |
| મગફળી | ૬૭૦ | ૯૧૪ |
| ગવાર | ૬૦૦ | ૯૮૫ |
| મેથી | ૫૫૦ | ૫૭૫ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| જવ | ૨૨૧ | - |
| રાયડો | ૫૭૩ | ૫૯૭ |
| એરંડા | ૬૫૦ | ૭૦૯ |
| ગવાર | ૮૯૧ | ૯૮૯ |
| ઘઉં | ૨૮૭ | ૩૬૧ |
| બાજરી | ૧૬૨ | ૨૯૦ |
| જુવાર | ૩૩૧ | ૬૧૫ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૪૧ |
| બાજરી | ૧૮૦ | ૨૯૯ |
| રાયડો | ૫૭૧ | ૬૧૫ |
| એરંડા | ૬૭૫ | ૭૦૩ |
| જુવાર | ૨૭૦ | ૫૫૫ |
| જવ | ૨૬૪ | - |
| ગવાર | ૮૮૫ | ૯૯૭ |
| રજકાના બી | ૧૮૦૦ | ૨૬૬૫ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૪૮ | - |
| ઘઉં | ૨૮૮ | ૩૩૫ |
| જીરૂ | ૨૪૧૧ | - |
| રાયડો | ૫૬૩ | ૬૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૮૯ |
| એરંડા | ૬૮૦ | ૭૦૧ |
| અજમો | ૬૦૦ | ૭૦૦ |
| ગવાર | ૯૬૫ | - |
| રજકાબી | ૨૦૨૦ | ૨૮૦૦ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૨૫ |
| બાજરી | ૨૦૫ | ૨૭૩ |
| એરંડા | ૬૮૪ | ૬૮૯ |
| ગવાર | ૯૨૩ | ૯૫૦ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૧ | - |
| એરંડા | ૬૮૩ | ૬૮૮ |
| ગવાર | ૮૭૭ | ૯૮૫ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૦૭ |
| એરંડા | ૬૬૦ | ૬૯૭ |
| સાસટો | ૨૫૦ | ૩૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૭ |
| ગવાર | ૮૦૦ | ૯૮૭ |
| ચણા | ૫૧૯ | ૫૭૮ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૫૩૧ |
| સવા | ૬૦૦ | ૬૮૫ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૩૭ |
| એરંડા | ૬૭૭ | ૭૦૨ |
| બાજરી | ૨૨૫ | ૨૮૮ |
| રાયડો | ૫૫૭ | ૫૭૮ |
| ડાંગર | ૨૪૦ | ૩૨૦ |
| ગવાર | ૮૭૫ | ૯૦૮ |
| જુવાર | ૩૧૨ | ૩૨૫ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦. |
| ગવાર | ૯૦૦ | ૧૦૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| વરીયાળી | ૭૫૦ | ૧૦૨૮ |
| રાયડો | ૫૭૦ | ૬૩૯ |
| એરંડા | ૬૬૦ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૨ |
| જુવાર | ૨૫૦ | ૭૦૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૨ |
| ગવાર | ૮૫૦ | ૯૭૮ |
| સવા | ૬૧૫ | ૬૬૫ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| અસાળીયો | ૭૧૧ | - |
| જીરૂ | ૧૯૭૫ | ૨૮૧૩ |
| વરીયાળી | ૮૪૦ | ૧૯૮૧ |
| ઈસબગુલ | ૧૧૮૮ | ૧૩૫૧ |
| સરસવ | ૬૫૫ | ૬૬૨ |
| રાયડો | ૫૬૧ | ૬૬૨ |
| મેથી | ૪૬૦ | ૫૩૧ |
| તલ | ૧૮૨૫ | ૨૨૯૧ |
| સવા | ૬૨૫ | - |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601